eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 327
September 28, 2012

## સુરત મહાનગરપાલિકા દ્વારા ૪૦ મી નાટ્યસ્પર્ધાનું આયોજન



સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રતિવર્ષ યોજાતી નાટ્યસ્પર્ધા આ વર્ષે તા. ૧૯/૦૯/૨૦૧૨ થી તા. ૨૮/૦૯/૨૦૧૨ દરમ્યાન સરદાર પટેલ સ્મૃતિ ભવન, મીની બજાર, વરાછા રોડ, સુરત ખાતે આયોજન કરવામાં આવેલ છે. આ ૪૦મી નાટ્ય સ્પર્ધાનો શુભારંભ તા. ૧૯/૦૯/૨૦૧૨ ને બુધવારના રોજ રાત્રે ૯.૦૦ કલાકે સરદાર પટેલ સ્મૃતિ ભવન ખાતે મા. મેયરશ્રી રાજેન્દ્ર એ. દેસાઈ, ડે. મેયરશ્રીમતી વર્ષાબેન રાણા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંગ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, નિર્ણાયકશ્રી ડો.નરેશભાઈ ફીટર, હરિનભાઈ ઠાકર ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર ખાતે આવેલ આર્ટ ગેલેરીમાં ગણેશ ચતુર્થી નિમિત્તે ગણેશજીની વિવિધ મુદ્રામાં અને જુદા જુદા માધ્યમોમાંથી બનેલી કલાત્મક મૂર્તિઓ, પેઈન્ટીંગ્સ અને ફોટોગ્રાફસના પ્રદર્શનનું આયોજન



સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર ખાતે આવેલ આર્ટ ગેલેરીમાં ગણેશ ચતુર્થી નિમિત્તે ગણેશજીની વિવિધ મુદ્રામાં અને જુદા જુદા માધ્યમોમાંથી બનેલી કલાત્મક મૂર્તિઓ,પેઈન્ટીંગ્સ અને ફોટોગ્રાફસના પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે, જેનું ઉદઘાટન આજરોજ તા. ૧૮/૦૯/૨૦૧૨ ના રોજ મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા. ૨૨/૦૯/૨૦૧૨ ના રોજ કોસાડ ન.પ્રા.શાળા, એચ – ૩, બ્લોક પાસે, ઈ.ડબલ્યુ.એસ. કવાટર્સ, કોસાડ, સુરત ખાતેથી આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં તા. ૨૧/૦૯/૨૦૧૨ ના રોજ વિવિધ પ્રકલ્પોની લોકાર્પણવિધિ



સુરત શહેરનો ઔદ્યોગિક અને આર્થિક વિકાસની સાથો સાથ સુરત શહેરની જનતાને સુવિધા પ્રત્યે સજાગતા રાખી અવિરત વિકાસની પંરપરા જાળવી રાખવાના સોપાનના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં તા. ૨૧/૦૯/૨૦૧૨ ના રોજ કુલ–૪ પ્રકલ્પોની લોકાર્પણવિધિ મા. મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ (રાજુ દેસાઈ) નાં વરદહસ્તે રાખવામાં આવેલ હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પરમ પૂજય સ્વામી વિવેકાનંદની ૧૫૦ મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે યુવાનોને પ્રેરણા આપવા માટે મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં વિવેકાનંદ યુવા પરિષદ તથા સુરત મહાનગરપાલિકા ધ્વારા રૂા.૯૬૩.૦૦ કરોડના ખર્ચે સાકારિત થનાર વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ



પરમ પૂજય સ્વામી વિવેકાનંદની ૧૫૦ મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે યુવાનોને પ્રેરણા આપવા માટે મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં વિવેકાનંદ યુવા પરિષદ તથા સુરત મહાનગરપાલિકા ધ્વારા રૂા. ૯૬૩.૦૦ કરોડના ખર્ચે સાકારિત થનાર વિવિધ પ્રકલ્પો જેવા કે (૧) અંડરગ્રાઉન્ડ/ઓવરહેડ ટાંકીઓ,ડિસ્ટ્રિબ્યૂશન સ્ટેશન, પાણીની નળીકા નાખવાનું કામ–રૂા. ૬૧.૧૭ કરોડ(૨) બસ રેપીડ ટ્રાન્ઝિટ સિસ્ટમ(બી.આર.ટી.એસ. ફેઝ–૨)–રૂા.૪૨૧.૦૦ કરોડ(૩) સીમેન્ટ ક્રોંક્રિટના રસ્તાઓ બનાવવાનું કામ–રૂા. ૬૮.૨૯ કરોડ(૪) સુઅરેજ નેટવર્ક તથા વરસાદી ગટરને લગતા કામ–રૂા. ૨૦.૬૪ કરોડ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર બંધ રહેવા જાહેર જનતા જોગ સૂચના

આથી જાહેર જનતા તથા તમામ શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓને જણાવવાનું કે સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત,સીટી લાઈટ રોડ, સુરત આખા વર્ષ દરમ્યાન કેટલીક રાષ્ટ્રીય અને મુખ્ય જાહેર રજાઓ જેવી કે દિવાળી, ધુળેટી, ઉત્તરાયણ, અનંત ચતુર્દશી, રક્ષાબંધન વિગેરે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા ૪૦ મી નાટ્યસ્પર્ધાનું આયોજન

સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રતિવર્ષ યોજાતી નાટ્યસ્પર્ધા આ વર્ષે તા. ૧૯/૦૯/૨૦૧૨ થી તા. ૨૮/૦૯/૨૦૧૨ દરમ્યાન સરદાર પટેલ સ્મૃતિ ભવન, મીની બજાર, વરાછા રોડ, સુરત ખાતે આયોજન કરવામાં આવેલ છે. આ ૪૦મી નાટ્ય સ્પર્ધાનો શુભારંભ તા. ૧૯/૦૯/૨૦૧૨ ને બુધવારના રોજ રાત્રે ૯.૦૦ કલાકે સરદાર પટેલ સ્મૃતિ ભવન ખાતે મા. મેયરશ્રી રાજેન્દ્ર એ. દેસાઈ, ડે. મેયરશ્રીમતી વર્ષાબેન રાણા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંગ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, નિર્ણાયકશ્રી ડો.નરેશભાઈ ફીટર, હરિનભાઈ ઠાકર, શ્રી મહેશભાઈ પરીખના હસ્તે દીપપ્રાગટ્ય કરી કરવામાં આવ્યો હતો. પ્રથમ દિવસે રાષ્ટ્રીય કલા કેન્દ્ર સંસ્થાનું શ્રી મેહુલ શર્મા દિગ્દર્શીત નાટક "વહાલના વારસદાર" રજુ થયું હતું. જેને શહેરના નાટ્ય રસિક નગરજનોએ મોટી સંખ્યામાં હાજર રહી નાટક માંણ્યો હતો. હવે પછી નીચે મુજબ આ સ્પર્ધામાં નાટકો દરરોજ રાત્રે ૯.૦૦ કલાકે સરદાર પટેલ સ્મૃતિ ભવન, મીની બજાર, વરાછા રોડ, સુરત ખાતે રજુ થશે. નિમંત્રિતોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી. પાસ વગર પ્રવેશ આપવામાં આવશે નહિં. પ્રવેશ તેમજ બેઠક વ્યવસ્થા વહેલા તે પહેલાના ધોરણે રાખવામાં આવેલ છે.





| ક્રમ | તારીખ | નાટકનું નામ | નાટ્ય સંસ્થાનું નામ | દિગદર્શકનું નામ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦/૦૯/૨૦૧૨ | બા સાહેબ | અસ્તિત્વ | વિતરાગ શાહ |
| ૨ | ૨૧/૦૯/૨૦૧૨ | ટુ બી કન્ટીન્યુ | ફન અનલિમિટેડ | શૈલેન્દ્ર વડનેરે |
| ૩ | ૨૨/૦૯/૨૦૧૨ | ગધાપ્રસાદ **L.L.B.** | મલ્હાર | પદમેશ પંડિત |
| ૪ | ૨૩/૦૯/૨૦૧૨ | પતિ **Hi-fi** તો પત્ની **Wi-fi** | સંભવ ગ્રૃપ | વિશાલ જરીવાળા |
| ૫ | ૨૪/૦૯/૨૦૧૨ | ચાલ લગાવ શરત | મંથન થીએટર્સ | પંકજ પાઠકજી |
| ૬ | ૨૫/૦૯/૨૦૧૨ | ગાંધીને કહા થા | નવરંગ આર્ટસ | રાજેશ પાંડેય |
| ૭ | ૨૬/૦૯/૨૦૧૨ | કર્માધીન | કરંજીયા આર્ટસ | ફરઝાન કરંજીયા |
| ૮ | ૨૭/૦૯/૨૦૧૨ | જાગતા રહેજો | આશિયાના પરિવાર | કશ્યપ જોષી |
| ૯ | ૨૮/૦૯/૨૦૧૨ | એન.વી.જાલન અમર છે | સ્વરમ્ એન્ટરટેઈનર | ચેતન કણીયા |

**TOP**

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર ખાતે આવેલ આર્ટ ગેલેરીમાં ગણેશ ચતુર્થી નિમિત્તે ગણેશજીની વિવિધ મુદ્રામાં અને જુદા જુદા માધ્યમોમાંથી બનેલી કલાત્મક મૂર્તિઓ, પેઈન્ટીંગ્સ અને ફોટોગ્રાફસના પ્રદર્શનનું આયોજન



સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર ખાતે આવેલ આર્ટ ગેલેરીમાં ગણેશ ચતુર્થી નિમિત્તે ગણેશજીની વિવિધ મુદ્રામાં અને જુદા જુદા માધ્યમોમાંથી બનેલી કલાત્મક મૂર્તિઓ,પેઈન્ટીંગ્સ અને ફોટોગ્રાફસના પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે, જેનું ઉદઘાટન આજરોજ તા. ૧૮/૦૯/૨૦૧૨ ના રોજ મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંહ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, મ્યુ.કમિશ્નરશ્રી એમ.કે.દાસ, અન્ય સમિતિના ચેરમેનશ્રીઓ, સાંસ્કૃતિક સમિતિ ઉપાધ્યાક્ષ શ્રી ભવાનભાઈ સીસારા, મ્યુ.સભ્યશ્રીઓ, ડે.કમિશ્નરશ્રી સી.વાય.ભટ્ટ તથા મોટી સંખ્યામાં શહેરીજનો હાજર રહયા હતા.

આ પ્રદર્શનમાં ગણેશજીના જન્મની કથા, ધાર્મિક મહત્વ, ગુજરાત તેમજ દેશ–વિદેશમાં ઉજવાતા ગણેશોત્સવની માહિતી, ગણપતિના વિવિધ સ્વરૂપ તેમજ ગણેશ વિસર્જનની મહત્વતા દર્શાવવામાં આવી છે. સદર પ્રદર્શનમાં આર્કીટેકટશ્રી સંજયભાઈ જોશીના અંગત સંગ્રહની વિવિધ કલાત્મક મૂર્તિઓ તેમજ સ.વ.પટેલ મ્યુઝિયમની મૂર્તિઓ જેવી કે માર્બલ, તાંબુ,પિત્તળ,પથ્થર,ફાઈબર, માટી, ચાંદી,લાકડું,કાચ,શંખ–છીપ,સ્ફટીક વિગેરે મળી કુલ ૨૨૫ જેટલી મૂર્તિઓ ડીસ્પલે કરવામાં આવેલ છે. તેમજ કલા સર્જન ડ્રોઈંગ કલાસીસના ધોરણ ૧ થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓ ધ્વારા વિવિધ માધ્યમોનો ઉપયોગ કરી તૈયાર કરવામાં આવેલ ૫૫ જેટલા ચિત્રો પ્રદર્શિત કરવામાં આવેલ છે. જેવા કે રેતી, મોતી, ઘુઘરી, વાદળી, પેન્સીલ, ચોક સ્ટીક, ટાંકણી, ટી–પીન, થંબ પીન, ઓઈલ કલર, પોસ્ટર કલર, પેસ્ટલ કલર, વોટર કલર, બડસ, થર્મોકોલ બોલ, નાડા છડી, સોપારી, રૂદ્રાક્ષ, સાર્ટીનની રીબીન, દિવાસળી, સીલ્વર ફોઈલ, ઝીંક, સીરામીક કલે, કોડી–છીપ, આઈસ્ક્રીમ સ્ટીક, બટન, ચાંદલા, ન્યુઝ પેપર, આભલા વિગેરે ઉપરાંત વિવિધ સ્વરૂપ અને વિવિધ મુદ્રાના ગણેજીના ૨૫૦ જેટલા ફોટોગ્રાફસ પ્રદર્શિત કરવામાં આવેલ છે. તેમજ શ્રી વિનોદસિંહ જાદવ કે જેઓ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ભકત કવિ શ્રી શામળ પ્રાથમિક ક્રમાંક ૧૦૭ માં નોકરી કરે છે તેમણે ફકત ૩૮ મીનીટમાં ચોકમાંથી તૈયાર કરેલ અને ઈન્ડીયા બુકમાં રેકર્ડ માટે મોકલવામાં આવેલ ૧.૧ સે.મી.ની શ્રી ગણેશજીનીની મૂર્તિ પણ પ્રદર્શિત કરવામાં આવેલ છે. તદઉપરાંત ઉત્સવ ડેકોરેટર્સ ધ્વારા આપવામાં આવેલ મૂર્તિઓ પ્રદર્શિત કરવામાં આવેલ છે.

ઉપરોકત પ્રદર્શન તા. ૧૮/૦૯/૨૦૧૨ થી તા. ૩૦/૦૯/૨૦૧૨ સુધી દરરોજ સવારે ૧૦.૦૦ થી રાત્રે ૯.૦૦ કલાક સુધી જાહેર જનતા માટે વિનામુલ્યે ખુલ્લું રહેશે. તા. ૨૯/૦૯/૨૦૧૨ ના રોજ અનંત ચૌદશ નિમિત્તે સાયન્સ સેન્ટર બંધ રહેશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

TOP

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ



ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા. ૨૨/૦૯/૨૦૧૨ ના રોજ કોસાડ ન.પ્રા.શાળા, એચ – ૩, બ્લોક પાસે, ઈ.ડબલ્યુ.એસ. કવાટર્સ, કોસાડ, સુરત ખાતેથી આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ચેરમેનશ્રી સ્થાયીસમિતિ શ્રી ભીમજીભાઈ પટેલ,અધ્યક્ષાશ્રી સમાજકલ્યાણ, આનંદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ શ્રીમતિ ઉર્વશીબેન રામમાળી, મ્યુનિસિપલ સદસ્યો શ્રી ધનજીભાઈ ચાવડા, શ્રી વિજયભાઈ પટેલ, ડો. શામરાવ ફૂલે, આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે. કમિશનર (હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો. હેમંત એસ.દેસાઈ, કતારગામઝોનના નાયબ આરોગ્ય અધિકારી ડો. સંજય એસ.દાસ, નાયબ આરોગ્ય અધિકારી, આરોગ્ય વિભાગ ડો. કલ્પેશ ખત્રી, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, કોસાડ અને વેડ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો, આઈ.સી.ડી.એસ. ના કર્મચારી તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહયા હતા.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો કોસાડ ન.પ્રા.શાળા, એચ – ૩, બ્લોક પાસે, ઈ.ડબલ્યુ.એસ. કવાટર્સ, કોસાડની આસપાસના વિસ્તારના કુલ ૫૬૮ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાંત દ્વારા ૧૩૬, ચામડીના નિષ્ણાંત દ્વારા ૧૦૦, સ્ત્રીરોગ નિષ્ણાંત દ્વારા ૩૪ , બાળરોગ નિષ્ણાંત દ્વારા ૯૨, ફિઝીશ્યન દ્વારા ૧૩૨, સર્જન દ્વારા ૪૭, મેડીકલ ઓફીસર દ્વારા ૨૭, દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૯૭ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસના ૩૦ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૨૧ દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી. ૩૫૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતું. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનોમાં નિરોધ ૫૦૦, ઓરલ પીલ્સ ૧૨ પેકેટ, આર્યન ફોલીક ૧૦૦૦ ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. રસીકરણ વિભાગ દ્વારા ૦૩ બાળકને બી.સી.જી., ૦૯ બાળકોને ડીપીટી, ૦૩ બાળકોને ઓરી, ૦૬ બાળકોને હીપેટાઈટીસ બી , ૦૩ મધર્સ ટી.ટી., ૦૩ બાળકોને વિટામીન –એ, ૧૧ બાળકોને પોલિયોની રસી આપવામાં આવી હતી તથા ૨૦૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશનર શ્રી એમ. કે. દાસ ના આદેશાનુંસાર આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે. કમિશનર (હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો. હેમંત એસ. દેસાઈ ના માર્ગદર્શન મુજબ નાયબ આરોગ્ય અધિકારી ડો. કે. આઈ. ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં તા. ૨૧/૦૯/૨૦૧૨ ના રોજ વિવિધ પ્રકલ્પોની લોકાર્પણવિધિ

સુરત શહેરનો ઔદ્યોગિક અને આર્થિક વિકાસની સાથો સાથ સુરત શહેરની જનતાને સુવિધા પ્રત્યે સજાગતા રાખી અવિરત વિકાસની પંરપરા જાળવી રાખવાના સોપાનના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં તા. ૨૧/૦૯/૨૦૧૨ ના રોજ કુલ–૪ પ્રકલ્પોની લોકાર્પણવિધિ મા. મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ (રાજુ દેસાઈ) નાં વરદહસ્તે રાખવામાં આવેલ હતી.





સુરત શહેર તાપી નદીનાં બન્ને કિનારે વિસ્તરેલું અને વિકાસ પામતું શહેર છે.સુરત શહેરે કરેલ ઝડપી ઉત્તરોત્તર વિકાસને કારણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ખૂબ જ નામના મેળવેલ છે. શહેરની આવી અદ્રિતીય વિકાસયાત્રા જાળવી રાખવા માટે સુરત મહાનગરપાલિકા કટીબધ્ધ છે. શહેરના સમતોલ વિકાસ માટે આંતર માળખાકીય સુવિધાઓની ઉપલબ્ધિ પણ ખૂબ જ જરૂરી છે. શહેરના અભૂતપૂર્વ વિકાસની સાથોસાથ શહેરની વસ્તીવધારો ખૂબ જ ઝડપથી થઈ રહયો છે. જેનાં કારણોનુસાર શહેરનાં રસ્તા ઉપર વાહનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થઈ રહયો છે. જેથી શહેરની ટ્રાફીક સમસ્યાનું નિરાકરણ અર્થે રીવર બ્રીજીસ, ફલાય ઓવર બ્રીજ,રેલ્વે ઓવર બ્રીજ અને ખાડી બ્રીજોનું આયોજન પણ સાથોસાથ કરવું ખુબ જ જરૂરી છે.

જેમાં હાલ સુરત શહેરનાં પ્રશ્વિમ વિસ્તારનો હજીરાનાં વિશાળ ઔધોગિક એકમોનાં કારણે અડાજણ મેઈનરોડ જંકશન પર સર્જતી ટ્રાફીક સમસ્યા હલ કરવા માટે અપ રેમ્પ ભૂલકા ભવન જંકશન પર અડાજણ પર્મ્પીંગ સ્ટેશનથી સરદાર પટેલ બ્રીજ તરફ – ડાઉન રેમ્પ સરદાર પટેલ બ્રીજ પરથી આનંદ મહલ રોડ પર શ્રીજી આર્કેડ સુધી ડાઉન રેમ્પ સરદાર પટેલ બ્રીજ પરથી ભૂલકા ભવન સ્કૂલની સામે જૂના હજીરા–જકાતનાકા તરફ ફલાય ઓવર બ્રીજ કાર્યરત થયેલ છે. જે બ્રીજની કુલ લંબાઈ એપ્રોચ સહિત ૧૩૪૪.૨૦ મીટર, બ્રીજની પહોળાઈ ૮.૫૦ મીટર કેરેજ વે ૭.૫૦ મીટર તથા કુલ સ્પાન –૩૬ નંગ તેમજ અંદાજીત રૂા.૩૩.૫૪ કરોડના ખર્ચે આ ફલાય ઓવરબ્રીજનું ગુજરાત સરકારશ્રીની " સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના" અંતર્ગત સાકાર કરી શહેરનાં પ્રથમ નાગરિક એવા મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ એ પ્રજાની સુખાકારી માટે લોકાર્પણ કરેલ છે.

કતારગામ ઝોન વિસ્તારમાં કોસાડ આવાસ ખાતે એચ–૨ પેકેજમાં તથા એચ–૪ પેકેજમાં વોર્ડ ઓફિસ તથા પોલીસ ચોકી અંદાજીત રૂા.૪૯.૨૪ લાખના ખર્ચે સાકારિત કરવામાં આવેલ છે. વોર્ડ ઓફિસ સંપુર્ણ આર. સી. સી. ફ્રેમ સ્ટ્રકચર (ગ્રાઉન્ડ ફલોર) જેમાં ૨ ઓફિસ રૂમ, સ્ટોર રૂમ ૪, પોલીસ ચોકી નંગ–૪ ની વ્યવસ્થા કરવામાં આવેલ છે. કોસાડ આવાસ ખાતે વસવાટ કરતાં લોકો માટે કાયદો તથા સલામતીની વ્યવસ્થા જળવાઈ રહે તેવા શુભ આશયથી પોલીસ ચોકી તથા સ્થાનિક લોકોની આરોગ્ય તેમજ સફાઈ અંગેની ફરિયાદનો ત્વરીત નિકાલ થઈ શકે તેવા હેતુસર સંલગ્ન વોર્ડ ઓફિસ મા.મેયરશ્રીના વરદ્હસ્તે લોકાર્પણ કરવામાં આવેલ છે.

**Continue …**





લિંબાયત ઝોનમાં મીલેનીયમ માર્કેટની પાછળ, અભિષેક હોસ્પિટલની બાજુમાં અંદાજીત રૂા. ૪.૭૪ કરોડના ખર્ચે મલ્ટીલેવલ પાર્કિંગ કોમ્પલેક્ષ તૈયાર થવાથી આજુબાજુના ટેક્ષટાઈલ માર્કેટ વિસ્તારમાં વેપારીઓ, મુલાકાતીઓની તેમના વાહનોના પાર્કિંગની સમસ્યા હળવી બનશે. આ મલ્ટી લેવલ પાર્કિંગ કોમ્પલેક્ષમાં બેઝમેન્ટમાં ૭૯૬ ટુ વ્હીલર, ગ્રાઉન્ડ ફલોરમાં ૪૬ ટેમ્પા , ફર્સ્ટ ફલોરમાં ૯૩–ફોર વ્હીલર તથા ટેરેસ ફલોરમાં ૯૭ ફોર વ્હીલર વાહનોની પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.

સેન્ટ્રલ ઝોનમાં નવસારી બજાર, રાજશ્રી હોલ સામે, સુરત મહાનગરપાલિકાના ખુલ્લા પ્લોટમાં ૧૫૦ લાખ લીટર ક્ષમતાની આર.સી.સી. ભુગર્ભ ટાંકી(બુસ્ટર હાઉસ સહિત) અંદાજીત રૂા.૭.૦૮ કરોડના ખર્ચે તૈયાર થયેલ છે. જેનાથી સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન(વોલસીટી) વિસ્તારમાં રાજમાર્ગથી દક્ષિણ વિભાગ તથા ઉત્તર વિભાગમાં પાણી પુરવઠો અનુક્રમે સવારે અને સાંજે વિભાગીય ધોરણે ખટોદરા,ઉમરવાડા,વરાછા અને કતારગામ જળવિતરણ મથકોએથી પુરો પાડવામાં આવે છે. જે પૈકી સેન્ટ્રલ(દક્ષિણ) વિભાગનો વિસ્તાર ઉત્તર વિભાગની સાપેક્ષમાં, વિસ્તાર અને વસ્તીની દષ્ટિએ પ્રમાણમાં મોટો હોય આ વિસ્તારોના નાગરિકોની લેખિત તેમજ મૌખિકમાં અપૂરતા મળતા પાણી પુરવઠાની મળતી ફરિયાદોનું નિવારણ કરી શકાશે. આ ટાંકી ધ્વારા અંદાજિત ૨૫૮.૯૩ હેકટર વિસ્તાર(અસરકર્તા)ને આવરી લેવામાં આવશે.

આ લોકાર્પણવિધિ પ્રસંગે શ્રી મંગુભાઈ પટેલ, મા. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, વન અને પર્યાવરણ, ગુજરાત રાજય,સાંસદશ્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ, મા.ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાળા, ડે.મેયરશ્રી શ્રીમતી વર્ષાબેન રાણા, સ્થાયી અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંહ, મ્યુ. કમિશ્નરશ્રી, વિવિધ સમિતિનાં ચેરમેનશ્રીઓ, વોર્ડ સદસ્યોશ્રીઓ, મ્યુ. અધિકારીશ્રીઓ તથા શહેરનાં આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## પરમ પૂજય સ્વામી વિવેકાનંદની ૧૫૦ મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે યુવાનોને પ્રેરણા આપવા માટે મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં વિવેકાનંદ યુવા પરિષદ તથા સુરત મહાનગરપાલિકા ધ્વારા રૂા.૯૬૩.૦૦ કરોડના ખર્ચે સાકારિત થનાર વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ






પરમ પૂજય સ્વામી વિવેકાનંદની ૧૫૦ મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે યુવાનોને પ્રેરણા આપવા માટે મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં વિવેકાનંદ યુવા પરિષદ તથા સુરત મહાનગરપાલિકા ધ્વારા રૂા. ૯૬૩.૦૦ કરોડના ખર્ચે સાકારિત થનાર વિવિધ પ્રકલ્પો જેવા કે (૧) અંડરગ્રાઉન્ડ/ઓવરહેડ ટાંકીઓ,ડિસ્ટ્રિબ્યૂશન સ્ટેશન, પાણીની નળીકા નાખવાનું કામ–રૂા. ૬૧.૧૭ કરોડ(૨) બસ રેપીડ ટ્રાન્ઝિટ સિસ્ટમ(બી.આર.ટી.એસ. ફેઝ–૨)–રૂા.૪૨૧.૦૦ કરોડ(૩) સીમેન્ટ ક્રોંક્રિટના રસ્તાઓ બનાવવાનું કામ–રૂા. ૬૮.૨૯ કરોડ(૪) સુઅરેજ નેટવર્ક તથા વરસાદી ગટરને લગતા કામ–રૂા. ૨૦.૬૪ કરોડ (૫) શહેરી ગરીબ આવાસ યોજના–રૂા.૫૮.૫૫ કરોડ(૬) ડામરના રસ્તાઓ બનાવવાનું કામ–રૂા.૧૫૫.૭૭ કરોડ(૭) સોલાર પાવર પ્લાન્ટ–રૂા. ૦.૯૨ કરોડ (૮) વીન્ડ પાવર પ્રોજેકટ–રૂા. ૬૨.૧૩ કરોડ (૯) સોલીડ વેસ્ટ ટુ પાવર પ્રોજેકટ–૯૦.૦૦કરોડ (૧૦) સ્કુલ બિલ્ડીંગો, વાંચનાલયો, હેલ્થસેન્ટરો, આંગણવાડી, યુ.સી.ડી. સેન્ટર, ફાયર સ્ટેશન, શાંતિકુંજ, સ્ટ્રીટલાઈટો – રૂા. ૨૪.૫૩ કરોડની ખાતમુહૂર્તવિધિની તકતીઓની અનાવરણવિધિનો મુખ્ય જાહેર સમારંભ પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ,અઠવાલાઈન્સ,સુરત ખાતે રાખવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત પહેલાં શહેરના કોલેજ–સ્કુલોના નવયુવાનો, બાળકો, બાળાઓ વિગેરે ધ્વારા મનમોહક વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરવામાં આવી.

કાર્યક્રમના શુભારંભ પ્રસંગ મહાનુભાવોના હસ્તે દિપપ્રાગટય કરવામાં આવ્યું. ત્યારબાદ શ્રી મંગુભાઈ પટેલ, ગુજરાત રાજયના મા.મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, વન અને પર્યાવરણે તેમના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે સ્વામી વિવેકાનંદની આ ૧૫૦ મી જન્મ જયંતિ પ્રસંગે રાજયના યુવાનોને પ્રેરણા આપવા માટે ગુજરાત રાજયના વિકાસ પુરુષ અને સૌનો સાથ અને સૌનો વિકાસના પ્રણેતા મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી યુવા વિકાસ પરિષદનું આયોજન કરવામાં આવ્યું. ગુજરાતના નવયુવાનોમાં સ્વામી વિવેકાનંદનો વિચારો તેમના જીવનમાં ઉતરે અને અનુસરણ કરે તેવો સંદેશો પાઠવ્યો, અને તેમના જીવનમાં સમૃધ્ધિ અને શાંતિના જે સ્વપનો હતાં તે સ્વપ્નો રાજયના નવયુવાનો પુર્ણ કરે. નવયુવાનો શકિતશાળી બને અને ભારતના ઘડતરમાં સ્વામી વિવેકાનંદની જેમ પોતાનું યોગદાન આપે તેવી અભ્યર્થના પાઠવી હતી.

મા. મુખ્યમંત્રીશ્રીનું મંચસ્થ મહાનુભાવો ધ્વારા પુસ્તકોથી સ્વાગત કરવામાં આવ્યું. જેમાં સુરત મહાનગરપાલિકાના પ્રથમ નાગરિક મેયરશ્રી, ડે. મેયરશ્રી, સ્થાયી સમિતિ ચેરમેનશ્રી, શાસકપક્ષના નેતાશ્રી તથા મ્યુ. કમિશ્નરશ્રી ધ્વારા સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી હતી.

Continue …

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી દક્ષેશ ઠાકરે સ્વામી વિવેકાનંદની ૧૫૦ મી જન્મજયંતિ નિમિત્તે તેમના પ્રાસંગિક પ્રવચન કરતાં જણાવ્યું કે સુરતમાં આજે એક શાશ્વત ઘટનાએ આકાર લીધો છે. ભારતની આ ધરતીએ અનેક સપૂતો આપ્યા છે. તેમા સ્વામી વિવેકાનંદનું ધ્યાન કેન્દ્રિત કરાયું છે. તેમણે તેમના ખુબ જ ટુંકા જીવનમાં ભારતની પ્રજાને જગાડી નવયુવાનોમાં નવો જોશ ભર્યો છે. તેઓ માનવતાના આદર્શ પ્રતિનિધિ બન્યા. તેમના ગુરુ શ્રી રામકૃષ્ણ પરમહંસે તેમને જીવન કેમ જીવવુ, તેનો મકસદ શું તે સમજાવ્યું.

ત્યારબાદ સુરત શહેરના તમામ ૭ ઝોન વિસ્તાર, ગ્રામ્ય વિસ્તાર,જીલ્લા વિસ્તારના યુવાનોને રમતગમતની કીટ મા.મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે વિતરણ કરવામાં આવી. ત્યારબાદ સુરત મહાનગરપાલિકા ધ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં અંદાજિત રૂા. ૯૬૩.૦૦ કરોડના ખર્ચે સાકારિત થનાર વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિની તકતી અનાવરણવિધિ મા.મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે મંચસ્થ મહાનુભાવોની ઉપસ્થિતિમાં કરવામાં આવી.

મા. મુખ્યમંત્રીશ્રીએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે વિવેકાનંદના જીવનના ત્રણ પ્રસગોનું વર્ણન કરેલ કે (૧) મારી ઉંમર ૪૦ વર્ષની ઉંમર થયે આ લોક છોડી પરલોક સીધાવીશ. જે તેમની આગાહી સાચી પડી. (૨) સ્વામી વિવેકાનંદજી જયારે શિકાગો શહેરમાં વિશ્વ ધર્મ પરિષદને સંબોધી પરત ફર્યા ત્યારે તેમના સન્માન સમારોહમાં વર્ષ ૧૮૯૭માં ભાષણ કર્યુ કે દરેક વ્યકિત આગામી ૫૦ વર્ષ માટે પોતાના દેવી–દેવતાને ભુલી જઈ ફકત ભારત માતાને જ દેવી તરીકે પૂજા કરે અને તેના બરાબર ૫૦ વર્ષ પછી ૧૯૪૭માં આઝાદી મળેલ.(૩) ભારત માતા જગતગુરૂનું સ્થાન ગ્રહણ કરશે. જે આગાહી ભવિષ્યમાં સાચી પડશે.

વધુમાં તેમણે જણાવેલ કે મારો ભરોસો નવયુવાનોમાં છે, દેશની યુવાશકિત ભારતનું ભાગ્ય સુધારશે. તેમના જીવનના સ્વપ્નને સાકાર કરવામાં નિષ્ફળ ગયા છે જે માટે યુવાનોને પ્રેરણા અને બોધપાઠ મળી રહે તે માટે યુવા વિકાસ પરિષદનું આયોજન કરવામાં આવ્યું છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા અગાઉ ૧૫ દિવસ પહેલા જ વિક્રમજનક અંદાજિત અંદાજિત રૂા.૧૨૮૩.૭૭ કરોડના ખર્ચના વિકાસ કામોની લોકાર્પણવિધિ અને ખાતમુહૂર્તવિધિ સંપન્ન કર્યા બાદ ખુબ જ ટુંકા સમયમાં આજરરોજ રૂા.૯૬૩.૦૦ કરોડ ખર્ચના વિકાસ કામોની ખાતમુહૂર્તવિધિ સંપન્ન કરવામાં આવી.

અંતમાં મા.મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે રાજયના નવયુવાનો સ્વામી વિવેકાનંદજીના જીવન પરથી પ્રેરણા મેળવી ધ્યેય પ્રાપ્તિ માટે પ્રયત્ન જારી રાખવા જણાવેલ.ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મંડયા રહો ના સ્વામી વિવેકાનંદના મંત્રસૂત્રને વળગી રહેવા અનુરોધ કર્યો.

આ પ્રસંગે ગુજરાત રાજયના વિધાનસભાના મા.અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવા, કેબીનેટ મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ, પ્રભારી મંત્રીશ્રી મંગુભાઈ પટેલ, રાજયકક્ષા મંત્રીશ્રી રણજીતભાઈ ગીલીટવાલા,સાંસદશ્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ,શ્રી સી.આર.પાટીલ,શ્રી ભારતસિંહ પરમાર,મા.મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈ,ડે.મેયરશ્રી શ્રીમતી વર્ષાબેન રાણા, સ્થાયી સમિતિ ચેરમેનશ્રી ભીમજીભાઈ પટેલ, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકરસિંહ, મા.ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, શ્રી કીરીટભાઈ પટેલ, શ્રી નાનુભાઈ વાનાણી, શ્રીમતિ ભારતીબેન રાઠોડ, શહેર ભાજપ પ્રમુખશ્રી પૂર્ણેશભાઈ મોદી, જીલ્લા પંચાયત પ્રમુખશ્રી અશ્વિન પટેલ, મ્યુ. કમિશનરશ્રી, કલેકટરશ્રી,પોલીસ કમિશનરશ્રી,વિવિધ સમિતિનાં ચેરમેનશ્રીઓ, વોર્ડ સદસ્યોશ્રીઓ મ્યુ. અધિકારીશ્રીઓ, શહેરનાં આમંત્રિત મહેમાનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

**TOP**

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર બંધ રહેવા જાહેર જનતા જોગ સૂચના

આથી જાહેર જનતા તથા તમામ શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓને જણાવવાનું કે સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત,સીટી લાઈટ રોડ, સુરત આખા વર્ષ દરમ્યાન કેટલીક રાષ્ટ્રીય અને મુખ્ય જાહેર રજાઓ જેવી કે દિવાળી, ધુળેટી, ઉત્તરાયણ, અનંત ચતુર્દશી, રક્ષાબંધન વિગેરે તેમજ તા.૧/૧૦/૨૦૧૨ થી અઠવાડીયાના દર સોમવારે બંધ રાખવામાં આવનાર છે.જેની જાહેર જનતા તથા તમામે નોંધ લેવા વિનંતી.

TOP